ટેલ ઓફ ઓરીગ્સ

પેશન્ટ પેટ્રિક

બુક - ૬



VISIT…

ત્રિમંત્ર

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો;
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં
ઉઁ નમો ભગવતે વાસુદેવાય
ઉઁ નમઃ શિવાય
જય સચ્ચિદાનંદ

પ્રકાશક:

દાદા ભગવાન આરાધના ટ્રસ્ટ

૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ

ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.

E-mail: info@dadabhagwan.org

Website: www.dadabhagwan.org

©: All Rights Reserved – Dada Bhagwan Aradhana Trust

Address as above

મુદ્રક:

મહાવિદેહ ફાઉન્ડેશન

B – ૯૯, ઇલેક્ટ્રોનિક જી.આઇ.ડી.સી., K- ૬, સેક્ટર – ૨૫, ગાંધીનગર

ગુજરાત (ભારત) ફોન: (૦૭૯) ૩૯૮૩૦૩૪૧ / ૪૨

પ્રાપ્તિ સ્થાન:

ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઇવે,

અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.

ફોન: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦, ૩૯૮૩૦૦૩૪

E-mail: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org/

Website: kids.dadabhagwan.org

પહેલી આવૃત્તિ : ૩૦૦૦ કોપી, માર્ચ : ૨૦૧૮

મુલ્ય: ₹ ૬૦/- *(૩ બુકનો સેટ)*

પેશન્ટ પેટ્રિક

બુક - ૬



એક મજાની સવારે બધા ઓરીગ બાળકો એકબીજા સાથે જોડી બનાવીને ઓરપાઈનના જંગલોમાં આનંદથી ચાલી રહ્યા હતા. બધા ખૂબ જોશમાં હતા. તેમના અવાજથી વાતાવરણ ગાજી ઉઠ્યું હતું.

"મને ટ્રીપમાં જવાનું બહુ ગમે," ઓલીએ પેટ્રિકને ધબ્બો મારતા કહ્યું.

ઓલી સ્વભાવે ખૂબ જીદ્દી હતી. ભૂરી આંખો અને વાંકડિયા વાળના કારણે એ બધાથી જૂદી તરી આવતી હતી.

અને સુંવાળા વાળ સાથે મેચ થતી બ્રાઉન મોટી આંખો અને ચોરસ મોઢાવાળો પેટ્રિક શાંત અને ધીરજવાળો હતો.

અચાનક નીચે ઘાસમાં કોઈ હલનચલન થયું હોય એવું ઓલીને લાગ્યું.

"અરે, જો !" નાનકડું સસલું જોઈને ઓલી ઉછળી. પેટ્રિક કંઈ જવાબ આપે એ પહેલા તો તે એની પાછળ દોડી.

"ઓલી.....ઓલી....પાછી આવ !" પેટ્રિકે બૂમ પાડી. પેટ્રિક પણ એની પાછળ ભાગ્યો. દોડતા દોડતા હાંફી જવાથી તેનો ચહેરો લાલ લાલ થઈ ગયો.

"ઓલી !.....ઊભી રહે !...પ્લીઝ !" પેટ્રિકે ફરી બૂમ પાડી. પણ ઓલી ક્યાં રોકાય એવી હતી !

એટલામાં પેટ્રિકે પર્સી અને જોઆનાને પોતાની બાજુમાં દોડતા જોયા.

'જો ટીચરને ખબર પડશે તો બધા મુસીબતમાં મૂકાઈ જઈશું' એ વિચાર આવતા પેટ્રિક થોડો ગભરાઈ ગયો.

અચાનક પેલું સસલું ઝાડીઓમાં ગાયબ થઈ ગયું. ઓલી અટકી ગઈ. પેટ્રિક, પર્સી અને જોઆના પણ ત્યાં પહોંચી ગયા.

"ઓહ નો ! જુઓ, તમે લોકોએ શું કર્યું !" ઓલીએ બધા પર ગુસ્સો કાઢ્યો, "તમે લોકોએ એને ડરાવી દીધું."

"તું કોઈ મુસીબતમાં ના આવી જાય એટલે હું તો તને રોકતો હતો," પેટ્રિકે જણાવ્યું.

"સારું, બીજીવાર તારે મારી ચિંતા કરવાની જરૂર નથી !" હવામાં પોતાનું નાક ચઢાવીને ઓલી બોલી, "હું જાતે જ મારું ધ્યાન રાખી શકું છું, થેન્કસ."

"પેટ્રિકની વાત સાચી છે. તું કાયમ મુશ્કેલીમાં મૂકાઈ જાય છે." પેટ્રિકને ટેકો આપતા જોઆના બોલી.

"તુ ચૂપ રહે! તને કોણે અહીંયા આવવાનું કહ્યું હતું?" ઓલીએ ધારદાર નજરે જોઆના સામે જોયું.

"અમે તો પેટ્રિક માટે આવ્યા હતા, તારા માટે નહીં..." જોઆનાએ વળતો જવાબ આપ્યો.

"સ્ટોપ ઈટ નાઉ." પોતે એક અજાણી જગ્યા પર ઊભા છે એવું લાગતાં પર્સીએ બધાને ચૂપ કર્યા, "મને લાગે છે કે કદાચ આપણે ભૂલા પડી ગયા છીએ."



રસ્તો ખબર ન પડતાં નાનકડા ઓરીગ સીધેસીધા દોડવા લાગ્યા અને ગહેરા જંગલમાં પહોંચી ગયા.

"ખોવાઈ ગયા છીએ ? જા, જા, હવે !" હકીકતનો સ્વીકાર કર્યા વિના માથાભારે ઓલી બોલી ઊઠી, "મને ખબર છે કે આપણે અત્યારે ક્યાં છીએ !"

"ચાલો મારી પાછળ !" કહી તે બધાને જંગલમાં દોરી ગઈ. બહુ ચાલ્યા પણ કોઈ રસ્તો દેખાયો નહીં.

હા, તેઓ ખરેખર ભૂલા પડ્યા હતા !

"હં...જોઈ લીધો તારો ઓવર કોન્ફિડન્સ !" જોઆનાએ નારાજગી વ્યક્ત કરી.

આ સાંભળી ઓલી લાલપીળી થઈ ગઈ. તે સામે કંઈ બોલવા જાય એ પહેલાં જ પેટ્રિકે વચ્ચે પડીને તેમને અટકાવ્યા. "બસ ! હવે બહુ થઈ ગયું. બંને ચૂપ રહો. મને લાગે છે કે અંધારું થાય એ પહેલા આપણે પાછા જવાનો રસ્તો શોધી લેવો જોઈએ."

"યેસ, યુ આર રાઈટ," પર્સીએ કહ્યું. બધા ભેગા મળીને વિચારવા લાગ્યા.

કેમ્પમાં ઓરીગ ખોવાયાની વાત ફેલાઈ ગઈ. ત્યાંના ફોરેસ્ટ ઓફિસર અને ટીચરો તેમને શોધવા નીકળી પડ્યા.

"મને ભૂખ લાગી છે, મારે ખાવું છે," પોતાની બેગને ઘાસમાં ફેંકતા ઓલી રડી ઊઠી.

બધા બેઠા. ઝાડ નીચે બેસી બધા પોતપોતાનો લંચ બોક્સ કાઢવા લાગ્યા.

"ઓહ નો ! મારો લંચ બોક્સ સ્કૂલમાં જ રહી ગયો." પર્સી માથા પર હાથ મૂકતા બોલ્યો.

"મારો પણ !" જોઆના પણ દુઃખી થઈ ગઈ.

"વાંધો નહીં. મારી અને ઓલી પાસે જે છે એમાંથી આપણે મળીને ખાઈ લઈએ." પેટ્રિકે કહ્યું.

"હું મારામાંથી કોઈને નહીં આપું." પોતાના લંચ બોક્સને પકડી રાખતા જીદ્દી ઓલી બોલી.

"બીજાને આપવું એ તો સારું કામ કહેવાય. અને ખાઈશું તો આપણને બધાને શક્તિ મળશે." પેટ્રિકે એને સમજાવાનો પ્રયત્ન કર્યો.

"ના, હું કોઈને નહીં આપું." ઓલી ન માની તે ન જ માની.

અંતે પેશન્ટ પેટ્રિકે પોતાનું ખાવાનું પર્સી અને જોઆના સાથે શેર કર્યું.

ઓલીને પેટ્રિકના શબ્દો યાદ આવતા હતા. એને અંદર પસ્તાવો થવા લાગ્યો. તે પોતાનું ખાવાનું આનંદ સાથે ખાઈ ન શકી.

જમવાનું તો પૂરું થયું પણ ઓલી ખૂબ હતાશ થઈ ગઈ, 'રસ્તો નહીં મળે તો !' પર્સીએ એને હિંમત આપી. પણ જીદ્દી ઓલી ક્યાં કોઈનું સાંભળે એવી હતી !

"ઓહ માય ગોડ ! જલદી જુઓ !" ગભરાયેલી જોઆનાએ હાથેથી ઈશારો કર્યો. જોયું તો સામે સફેદ ધારદાર દાંત દેખાડતા વરૂઓ ઊભા હતા. અવાજ અને ખાવાની સુગંધથી તેઓ અહીં સુધી આવી પહોંચ્યા હતા.

ભૂખ્યા વરુઓ ઘૂરકવાનાં અવાજ સાથે એ લોકોની નજીક આવી પહોંચ્યા. પાછળ ડગલા ભરતા ઓલી અને જોઆના ચીસો પાડવા લાગ્યા. આ જોઈ પેટ્રિક તરત આગળ આવ્યો.

"જલ્દી કરો!" તેણે બધાને સુચના આપી, "બધા ઝાડ પર ઊંચે ચડી જાવ." બધા કહ્યા પ્રમાણે ઉપર ચડી ગયા. મોઢામાંથી લાળ ટપકાવતા વરુઓએ થોડીવાર તેમની નીચે જ ચક્કર માર્યા. આખરે કંટાળીને તેઓ જંગલમાં પાછા અદ્રશ્ય થઈ ગયા.

"હાશ! બચી ગયા." ઓલીને નિરાંત થઈ. તે પેટ્રિકની સૂઝ જોઈને ખુશ થઈ ગઈ હતી.

ત્યાં તો પેટ્રિકની નજર દૂર એક લાકડાની કેબિન પર પડી.

એ બોલ્યો, "ત્યાં જઈએ. ત્યાં કદાચ કોઈ આપણને પાછા જવાનો રસ્તો શોધવામાં મદદ કરશે."

"ગુડ આઈડીયા !" કહી બધા એ કેબીન તરફ ચાલવા લાગ્યા. કાંટાવાળી ઝાડી અને ઝાંખરામાંથી પસાર થતા થતા તેઓ ગહેરા જંગલમાં પહોંચી ગયા. ત્યાં તો અચાનક.....

"આઉચ !" પોતાના હાથ અને પગમાં જોર જોરથી ખંજવાળતા ઓલીએ બુમો પાડી. તે ઝેરી વનસ્પતિનો શિકાર બની હતી. બીજા બધાને પણ વનસ્પતિ કરડી હતી. પણ બીજા બધા અંદરખાને મૂંઝાઈ રહ્યા હતા.

"મને પણ કરડે છે!" જોઆના એ રડી પડી.
"ચાલો આપણે ગીતો ગાઈએ. જેથી આપણું ધ્યાન પીડામાંથી બીજે જાય." પોઝીટીવ રહેવાનો પ્રયત્ન કરતા પર્સીએ સુઝાવ આપ્યો.

"ગાવાનું !.....તું પાગલ થઈ ગયો છે ?" ઓલીએ ગુસ્સાથી ગર્જના કરી.

એટલામાં કાંટાવાળી ઝાડીમાં ફસાવાથી પર્સી કાંગારુંની જેમ ઉછળવા લાગ્યો. કાંટામાં ભરાઈને તેનું પૅન્ટ ફાટી ગયું. પર્સીનું રડમસ મોઢું જોઈને છોકરીઓ હસવા લાગી અને પોતાનું દુઃખ ભૂલી ગઈ.



પેટ્રિકને પણ બળતરા હતી. પણ તે શાંતિથી કંઈ શોધતો હતો. તેણે એક છોડમાંથી તેના પાંદડા તોડીને તેનો રસ પોતાના શરીર પર લગાડ્યો.

"તું શું કરી રહ્યો છે?" ઓલીએ આતુરતાથી પૂછ્યું.

"ધ્યાનથી જો," પાંદડાને સ્મેલ કરતા પેટ્રિકે કહ્યું. "આપણને વિજ્ઞાનમાં આ છોડ વિષે આવતું હતું ને. આના પાંદડાનો રસ લગાડવાથી ઝેરી વનસ્પતિના ડંખમાં રાહત મળે છે. લો... લગાવીને જુઓ."

તેણે બધાને એક-એક પાંદડું આપ્યું. બધાએ એનો રસ પોતાના શરીર પર ચોપડ્યો અને ખરેખર થોડી જ વારમાં બધાને રાહત થઈ ગઈ.

"હાઉ સ્માર્ટ પેટ્રિક !" થોડું સારું લાગતાં ઓલીએ વખાણ કર્યા. "તને દરેક મુશ્કેલીમાં ઉપાય કેવી રીતે મળી જાય છે ?"

"એમાં સ્માર્ટ થવાની જરૂર નથી પણ ધીરજ રાખવાની જરૂર છે." પેટ્રિકે નમ્રતાથી જવાબ આપ્યો. રડવા કે બૂમો પડવાથી કોઈ ઉકેલ તો નથી આવતો પણ પોતાનું જ નુકસાન થાય છે.

અને ફરિયાદ કરવાના બદલે જો શાંતિથી જેમ છે તેમ પરિસ્થિતિનો સ્વીકાર કરવામાં આવે તો માણસ સમસ્યાનો ઉકેલ શોધી શકે છે.

પેટ્રિકની વાતો બધાને ગમી ગઈ. ખાસ કરીને ઓલીને.

આખરે તેઓ કેબીન સુધી સહી સલામત પહોંચી ગયા. ત્યાં તેમને એક કઠીયારો મળ્યો. ઓરીગ્સના ખોવાઈ જવાની વાત જાણીને તેણે તાત્કાલિક ફોરેસ્ટ ઓફિસરને બોલાવ્યા.

ફોરેસ્ટ ઓફિસરે ચારેય ઓરીગને સ્કૂલે પહોંચાડી દીધા. ખોવાયેલા ઓરીગ પાછા મળી જવાથી ટીચરની ખુશીનો પાર ના રહ્યો.

એ રાત્રે જ્યારે ઓલી સૂવા માટે ગઈ ત્યારે તેણે એ દિવસના બધાના અને પોતાના વર્તન પર વિચાર કર્યો. પોતે દરેક સંજોગોમાં કેટલું ખરાબ વર્તન કર્યું અને પેટ્રિકે કેટલી ધીરજથી કામ લીધું એ વિચારો કરતા કરતા તેણે પોતાની જાતને બદલવાનું નક્કી કર્યું.

"કાલે એક નવો દિવસ ઉગશે." પોતાની થાકેલી આંખોને બંધ કરતા તેણે વિચાર્યું. અને હવે એક નવી શરૂઆત થશે."

પેટ્રિકને મનોમન યાદ કરતા એને પેટ્રિકને એક સેલ્યુટ આપ્યું, 'સલામ પેશન્ટ પેટ્રિક'.

અને પછી નિરાંતે સૂઈ ગઈ.



BALVIGNAN
Fun 'n' Learn with Dada

રેના

નોબલ નોએલ

લાયર લેન્સલી

જેલસ જોઆના


પેશન્ટ પેટ્રીક

ઓરપાઈનના જંગલમાં ભૂલો પડેલો પેશન્ટ પેટ્રીક, કેવી રીતે ધીરજ રાખી શક્યો અને એ ધીરજથી એને શું લાભ થયો એ જૂઓ.

સિન્સીયર સેમ્યુઅલ

પોઝીટીવ પર્સી

પ્રાઉડ પીટર

લવેબલ લોરા

બુક ઓફ હેપીનેસ

GNC
ગાનીની ચમત્કાર ચાલતો ગોલે...

ISBN 978-93-87551-00-8
9 789387 551008
Printed in India
₹ 60 (3 બુકનો સેટ)